R.N.I. No. : 66450/97 Dkphgdedg#Mxulvglfwlrq

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

ગરવી નવક્રાન્તિ

kwws=22mdjdglvkfkulvwldq1frp

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

#hpdlo=jduylqdynudqwl#C#|dkrr1frp

ESTD.YEAR- 24•ISSUE: 21/22 DATE: 23-05-2020•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

Li#xqgholyhuhg#solulhwxuq#wr સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનન્ત પાલડી,અમદાવાદ-૭

ચીનમાંથી ઉચાળા ભરવાનું વિચારતી કંપનીઓ ભારત જ આવશે તેવું માનવું ભુલભરેલું છે : અભિજિત બેનરજી

નોબલ પારિતોષિક વિજેતા અને આર્થશાસ્ત્રી અભિજિત બેનરજીનું કહેવું છે કે કોરોના વાઈરસ મહામારીને કારણે જો કંપનીઓ ચીનમાંથી ઉચાળા ભરશે તો તેનો ફાયદો માત્ર ભારતને જ થાય એ જરુરી નથી. જો ચીન તેના ચલણનું અવમુલ્યન કરશે તો તેશું થશે ? એ સ્થિતિમાં ચીની ઉત્પાદનનો વધુ સસ્તા થઈ જશે અને લોકો ચીનની ચીજો જ ખરીદવાનું પસંદ કરશે.બેનરજી પશ્ચિમબંગાળ સરકાર તરફથી રાજ્યમાં કોવિડ-૧૯ સામેની કામગીરી માટે રચાયેલા વૈશ્વિક સલાહકાર બોર્ડના સભ્ય પણ છે.રાહત પેકેજ માટે કેન્દ્ર સરકાર તરફથી વપરાતાં નાણાં અને જીડીપીના ગુણોત્તર અંગે પુછતાં તેમણે કહ્યુ કે અમેરિકા, બ્રિટન અને જાપાન જેવા દેશ પોતાના જીડીપીનો મોટો હિસ્સો ખર્ચ કરી રહ્યા છે. તેમણે કહ્યુ કે ભારતે પોતાના જીડીપીના એક ટકાથી પણ ઓછા ૧.૭૦ લાખ કરોડ રુપીયા વાપરવાની યોજના બનાવી છે. આપણે જીડીપીના ગુણોત્તરમાં વધુ ખર્ચ કરવો જોઈએ. કોરોના વાઈરસ મહામારીના પ્રકોપમાં કેન્દ્ર સરકારે ૧.૭૦ લાખ કરોડ રુપીયાથી વધુ પેકેજની જાહેરાત કરી છે.

બેનરજીએ કહ્યુ કે મુખ્ય સમસ્યા એ છે કે દેશના લોકો પાસે પુરતી ખરીદ શક્તિ નથી. સરકારે સામાન્ય પ્રજાના હાથમાં પૈસા આપવા જોઈએ. કેમકે તેઓ જ અર્થવ્યવસ્થા ચલાવે છે. પ્રજા પાસે પૈસા નથી એ સંજોગોમાં ત્રણ કે છ મહિના સુધી તમામને ઈમરજન્સી રાશન કાર્ડ આપવા જોઈએ.

ચીનથી ભારત આવવા ઇચ્છતી વિદેશી કંપનીઓને વિવિધ લાભો આપી આર્કષવાની યોજના સરકાર બનાવી રહી છે

ચીનના બજારોને આંચકી લેવા અને ચીનમાં કામ કરતી કંપનીઓને ભારતમાં આકર્ષવા સરકાર દ્વારા અનેક પ્રોત્સાહક પગલાં જાહેર કરવામાં આવે તેવી યોજનાઓ ઘડાઈ રહી છે. ચીન છોડીને ભારતમાં નવું રોકાણ કરવા ઈચ્છતી વિદેશની કંપનીઓને ટેક્સમાં ૧૦ વર્ષ માટે માફી આપવા તેમજ ફેકટરીઓ સ્થાપવા સરળતાથી જમીન પ્રાપ્ત ઈ શકે તેવા પગલાં લેવાઈ રહ્યા છે.સરકાર ગમે તે ભોગે વિદેશી કંપનીઓને ભારતમાં નવા પ્લાન્ટ સ્થાપવા આર્કષવા કટિબધ્ધ છે. હાલમાં ઈન્ફાસ્ટ્કચરને સુધારવા તેમજ ટેસ્ટીંગ લેબ્સ અને સુવિધાઓ વિકસાવવા વેપાર ઉદ્યોગ મંત્રાલય દ્વારા ટોચના ૫૦ ઈન્ડ્સ્ટી કલસ્ટરને અલગ તારવવામાં આવ્યા છે. કેન્દ્રના નાણાં મંત્રાલયે આ દરખાસ્તને મંજુરી આપી દીધી છે.પણ સરકાર દ્વારા હજી ક્યારે અને કેવી રીતે યોજના અમલમાં મુકવી તેની અંતિમ નિર્ણય લેવાયો નથી.

ચીન છોડીને ભારતમાં આવનારી કંપનીઓ માટે ભારત લાલ જાજમ બિછાવી રહ્યુ છે. ઓછામાં ઓછુ ૫૦૦ મિલિયન ડોલરનું રોકાણ કરનાર કંપનીને ૧ જુનથી વર્ષમાં તેની કામગીરી શરુ કરી દેવાની રહેશે.તેમજ મેડિકલ ડિવાઈસ, ઈલેકટ્રોનિક્સ, ટેલિકોમ ઈક્વીપમેન્ટ, અને કેપિટલ ગુડ્સ ક્ષેત્રે કામગીરી કરવાની રહેશે.

જે કંપની મજુરલક્ષી ઉદ્યોગો જેવા કે ટેક્સટાઈલ્સ,ફુડ પ્રોસેસીંગ, લેઘર, ફુટવેરમાં ઓછામાં ઓછું ૧૦૦ મિલિયન ડોલરનું રોકાણ કરે તેને ૪ વર્ષ ટેક્સ માફી આપવા દરખાસ્ત કરાઈ છે. આવી કંપનીઓ માટે આગામી ૬ વર્ષ માટે ૧૦ ટકા નીચા દરે કોર્પોરેટ ટેક્સ ચુકવવાનો રહેશે.સરકાર દ્વારા ટેક્સટાઈલ્સ,ફાર્મા,ફુડ પ્રોસેસીંગ, તેમજ જેમ્સ એન્ડ જ્વેલરીને વેગ આપવા માંગે છે. ટુરીઝમ જેવા સર્વિસ સેકટરને પણ તેમાં આવરી લેવા કામ કરાઈ રહ્યું છે. જો કે આ વિદેશી કંપનીઓ ચીનની નજીકમાં આવેલા વિયેટનામ જેવા દેશોને અગ્રતા આપી શકે તેમ છે.એવું મનાઈ રહ્યુ છે.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું#લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

લોકડાઉનમાં છુટ આપતાં સાવચેતી રાખવી પડશે,કોરોનાનો બીજો રાઉન્ડ તીવ્ર હશે. વિશ્વ આરોગ્ય સંસ્થાની ચેતવણી

ચીનના વુહાનથી સમગ્ર વિશ્વમાં પ્રસરી ગયેલા કોરોના વાઈરસને કારણે અત્યાર સુધીમાં સમગ્ર વિશ્વમાં સંક્રમિત થયેલા લોકોની સંખ્યા ૪૭ લાખ નજીક પહોચવા આવી છે. અને મોતનો આંકડો ૩ લાખને પાર કરી જાય તેમ છે.દેશો લોકડાઉનમાં છુટછાટ આપી રહ્યા છે. આવા સંજોગોમાં કેટલાક દેશોમાં કોરોનાના વાઈરસના સંક્રમણ અને મોતના દરમાં થયેલા ઘટાડાને વિશ્વ આરોગ્ય સંસ્થાએ આવકાર આપ્યો છે. પરંતુ સાથે સાથે લોકડાઉનમાં છુટછાટ આપી રહેલા દેશોને અત્યંત સાવચેતી રાખવાની ચેતવણી જારી કરી છે.

ફ્રાંસ અને સ્પેનમાં મોતની સંખ્યા ઘટતાં સત્તાવાળાઓને મોટી રાહત મળતાં જ લોકડાઉન ખોલવાના પગલાં શરુ થઈ ગયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના ઈમજર્સી ચીફ માઈકલ રાયને જણાવ્યુ હતું કે લોકડાઉનના તબક્કાવાર છુટછાટ આશાના કિરણ સમાન છે. પરંતુ તમામ દેશોએ અત્યંત સાવચેતી રાખવી પડશે કારણ કે લોકડાઉનમાં છુટછાટ અપાયા પછી કોરોના ટ્રાન્સમિશનનો બીજો તીવ્ર તબક્કો શરુ થઈ શકે છે. જે દેશોમાં કોરોનાના કેસ નીચલા સ્તરે પહોચ્યા છે.ત્યાં પણ રોગચાળો ફરી એકવાર માથુ ઉંચકે તેવી સંભાવના છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાઓએ જણાવ્યુ હતુ કે એક સમયે કોરોના સામેની લડાઈમાં રોલમોડેલ ગણાતા સિંગાપુરમાં અત્યારે પોઝીટીવ કેસ ૨૩૦૦૦ને પાર કરી ગયા છે. ચીનમાં વુહાનમાં એપ્રિલ મહીના પછી ફરી એક વાર કોરોનાનો પોઝેટીવ કેસ આવ્યો છે. કોન્ટેક્ટ ટ્રેસિંગની ટેકનોલોજીનો પાયો નાંખનારા સાઉથ કોરિયામાં ગ્રાફ ફ્લેટ થયા પછી અચાનક પોઝેટીવ કેસ વધવા લાગ્યો છે. અમેરિકામાં કોરોના સંક્રમણ હજુ કાબુમાં આવ્યુ નથી છતાં સરકાર લોકડાઉન હટાવી લેવા ઉતાવળી બની છે. જો અમેરિકા અર્થતંત્ર ખુલ્લુ કરવાની લાયમાં લોકડાઉન હટાવવાની ઉતાવળ કરશે તો દેશમાં મોટી સંખ્યામાં બિનજરુરી મોત થશે.

ગૃહ મંત્રાલયે લોકડાઉનમાં કર્મચારીઓને પુરુ વેતન આપવા કંપનીઓને કરેલો આદેશ પરત ખેચ્યો

કોરોના લોકડાઉનને કારણે બંધ રહેલી કંપનીઓ અને વેપાર ઉદ્યોગએ તેમના કર્મચારીઓને લોકડાઉનના ગાળામાં પુરેપુરુ વેતન ચુકવવું પડશે તેવા આદેશ કેન્દ્રના ગૃહમંત્રાલય દ્વારા પાછો ખેચવામાં આવ્યો છે.આને કારણે વેપાર ધંધા ઠપ થવાથી નુકશાન ભોગવનાર અનેક ઉદ્યોગો અને કંપનીઓને રાહત મળી છે.

સરકારે ૨૫ માર્ચે દેશભરમાં લોકડાઉન અમલી બનાવ્યુ હતું આને કારણે દેશભરમાં વેપાર ધંધા અને ઉદ્યોગો ઠપ થઈ ગયા હતા.સરકારે આ પછી આદેશ બહાર પાડ્યો હતો કે કંપનીઓ કે ઉદ્યોગો બંધ હોવા છતાં તેમના કર્મચારીઓને પગારમાં કાપ મુકવાનો રહેશે નહીં તેમને પુરેપુરો પગાર ચુકવવો પડશે.જો કે ચોથા તબક્કા માટે ગાઈડલાઈન જાહેર કરતી વખતે કેન્દ્રના ગૃહમંત્રાલયે આ આદેશ પાછો ખેચ્યો હતો.

કોર્ટમાં નાના ઉદ્યોગોના એસોસીયેસને સરકારના આદેશને કોર્ટમાં પડકાર્યો હતો.જ્યારે કોર્ટે સરકાર પાસે જવાબ માંગ્યો ત્યારે સરકારે વિગતવાર ચર્ચા કરીને જવાબ રજુ કરશે તેમ જણાવ્યુ હતું. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે નાના ઉદ્યોગો એવા છે કે જે લોકડાઉનમાં ૧૫ દિવસથી વધુ ટકી શકે તેમ નથી તેઓ કર્મચારીઓને વેતન કેવી રીતે આપી શકશે.તેથી સરકારે નિર્ણય પાછો લીધો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

#kwws=22mdjdglvkfkulvwldq1frp

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક kwws=22idfherrn1frp2urelq1gkrodnld ઉપર પણ જોઈ શકાશે.

ગરવી નવક્રાંતિ

કોરોના વાયરસને કારણે લોકડાઉનના સમય દરમિયાન વૈશ્વિક આર્થિક મંદી વધુ ઘેરી બની છે. ભારતનુ અર્થકારણ નબળાઈઓ અનુભવી રહ્યુ હતું. જો કે દેશના આર્થિક સંકટ માટે દેશ ઝઝુમી રહ્યો હતો. નાણાં પ્રધાન, રિઝર્વ બેન્ક વિગેરે સંસ્થાઓ આ સંકટને ટાળવા ખાસ પ્રયત્નશીલ હતા. પરંતુ આ કોરોના મહામારીએ સંકટને વધુ ઘેરુ બનાવ્યુ છે. હાલમાં વિદેશી રોકાણકારોએ ભારતમાંથી ૧૬ અબજ ડોલર થી વધુ રકમ પરત ખેચી લીધી છે.એક અમેરિકન એજન્સીએ આ બાબતે તેના સંશોધનમાં જણાવ્યુ હતું કે વિશ્વમાં મોખરાનું સ્થાન ધરાવતી મોટાભાગની અગ્રણી અર્થવ્યવસ્થાઓને કોરોના વાયરસના પ્રકોપથી ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.તેમ છતાં માત્ર ત્રણ દેશ ચીન,ભારત અને ઈન્ડોનેશિયામાં વિકાસ દર વર્ષ ૨૦૨૦માં હકારાત્મક રહેવાનો અંદાજ છે. વિકાસશીલ અને વિકસિત દેશો વચ્ચે આર્થિક નીતિઓને કારણે ચાલી રહેલો તનાવ અને તેના પગલે સંબધોમાં તંગદીલી પણ આર્થિક પ્રવાહો માટે જવાબદાર બનવાના છે. તેમ રિપોર્ટમાં જણાવાયું છે.કોરોના વાયરસને કારણે વિશ્વભરના અર્થતંત્રો સંકોચાઈ રહ્યા છે.ત્યારે ચીન,ઈન્ડોનેશીયા અને ભારતીય અર્થતંત્રમા નાના પણ મક્કમ પાયા પર આર્થિક પ્રગતિ બની રહેશે તેમ રિપોર્ટમાં જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં આઈએમએફએ તેના રિપોર્ટમાં કહ્યુ હતું કે આવનારા સમયમાં વૈશ્વિક આર્થિક રિકવરી નબળી રહેશે કેમકે કોરોનાને કારણે લોકોનો વિશ્વાસ તુટ્યો છે. બિઝનેસ બંધ થયા છે.અને ઘરગથ્થુ બચતોમાં ભંગાણ પડ્યું છે.કોરોના વાયરસની બિમારીને લીધે દુનિયાભરના એરપોર્ટ બંધ થઈ ગયા છે.ફ્લાઈટ સેવાઓ બંધ છે. કોઈપણ પ્રકારના ઉદ્યોગની પ્રવૃત્તિ બંધ થઈ ગઈ છે. સ્કુલો બંધ છે.લગભગ દોઢ અબજ બાળકો ભણી શકતાં નથી.

ભારતમાં ઘર વાપસી કાર્યક્રમ પુરજોશમાં ચાલી ર હ્યો છે. મજુરો પોતાના વતન પરત જવા માટે રસ્તાઓ,રેલવે સ્ટેશનોની આસપાસ ભીડ જમાવીને બેઠા છે. તેમને તેમના ઘરે પરત જવું છે. સવાલ ઘેર જવાનો નથી પરંતુ પરિસ્થિતિને સામાન્ય બનાવવા માટે ઉદ્યોગ અને કામધંધાને ચાલુ કરવા માટે આ શ્રમજીવીઓની અછત ભારે આર્થિક વમળ પેદા કરશે.કારખાનાઓ કે નાના ઉદ્યોગોને ઊભા થવા માટે શ્રમજીવી મજુરોની જરુર પડશે તે બધા તેમના વતન પરત ફરી જશે તો આ બધુ ચાલુ કેવી રીતે થઈ શકશે.રેલવે,બસો,કે વિમાનો ચાલુ કરવાથી દેશની આર્થિક ગાડી ચાલી પડશે તેમ માનવું અઘરુ છે. વ્યવહાર ચાલુ થશે. પરંતુ આર્થિક ગાડી જે પાટા પરથી ઉતરી ગઈ છે તે પાછી કેવી રીત ફરશે ? જ્યાં સુધી નાના લોકો પાસે ખરીદ શક્તિ ઉભી નહીં થાય ત્યાં સુધી આર્થિક બજાર ગતિ નહીં પકડે.મોટી યોજનાઓ જાહેર કરવાથી દેશનું અર્થતંત્ર સુધરી જશે તેમ માનવું શેખચલ્લી જેવો કપોળ કલ્પિત વિચાર છે. જાહેર કરાયેલ કેટલીક યોજના અગાઉ જાહેર થઈ ચુકી છે. નવુ શું છે ?

જાહેર ખબરના ભાવ

આખુ પાન	૩.૧૦૫૦૦	અર્ધું પાન	૩.૫૦૦૦
૧/૪ પાન	૩.૨૫૦૦	૧/૮ પાન	૩.૧૦૦૦
વાર્ષિક પેનલ	૩.૭૨૦૦	માસિક પેનલ	૩.૧૦૦૦

ટચુકડી જાહેરાત ૩.૫૦૦

વ્યવસાયિક જા.ખ. ૩.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

DJQHOR#IUHH#PDUULDJH
VHUYHFHV#LQGLD
djqhoriuhhpduuldjhexuhdxCjpdlo1frp1
sdupdubndqx5335C|dkrr1fr1lq
####Fkwws=22mdjdglvkfkulvwldq1frp2
#####Frqdfw#Qr133<4#<;577;<677/
#####+U,33<4059<50593665

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

અખબારી સ્વાતંત્રતા ઝુંટવવાના અમેરિકી પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની જોહુકમી સામે ૩૦૦ અખબારોએ એક સાથે એક વિષય પર તંત્રી લેખ લખ્યો

પત્રકારિત્વના ઈતિહાસમાં અમેરિકામાં એક જબરજસ્ત ઘટના તાજેતરમાં બની છે.અમેરિકાના ૩૦૦ જેટલા અખબારોએ એકસાથે એક દિવસે પોતાના તંત્રીલેખ એક જ વિષય પર લખ્યો. અને આ વિષય હતો પ્રેસની સ્વતંત્રતાનો.અમેરિકામાં જ્યારથી પ્રેસડેન્ટ તરીકે ટ્રમ્પનું શાસન શરુ થયું છે ત્યારથી સરકાર અને અખબારો વચ્ચે સતત ઘર્ષણ ચાલી રહ્યું છે.અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પની પ્રકૃતિ ભુતકાળના અમેરિકાના પ્રેસિડેન્ટ કરતાં તદ્દન વિપરિત છે. મીડીયાને પ્રેસિડેન્ટ ટ્રમ્પ બોગસ કહે છે.તો કહે છે કે બોગસ મીડીયાવાળાઓએ મને વ્હાઈટ હાઉસમાં જવા માટે રોકવાની કોશીશ કરી હતી.પરંતુ હું પ્રેસિડેન્ટ છું. એ લોકો નથી.અમેરિકાના ન્યુયોર્ક ટાઈમ્સથી માંડીને ધ બોસ્ટન ગ્લોબ સુધીના અખબારો કે સીએનએન જેવી ન્યુઝ ચેનલો સાથે પ્રેસિડેન્ટ ટ્રમ્પને બનતું નથી.મીડીયા માટે ટ્રમ્પ અનાપ શનાપ બોલે છે.અને અખબારનું લાયસંસ રદ કરવા સુધીની ધમકીઓ આપે છે. પત્રકાર સાથે ટ્રમ્પ એવી રીતે વર્તે છે કે તેમના ગુલામ હોય.

૨૦૧૫માં ટ્રમ્પના ચુંટણી પ્રચાર દરમિયાનનો એક વીડીયો ખુબ વાઈરલ થયો છે. આ વીડીયોમાં પ્રેસિડેન્ટ પદના ઉમેદવાર ટ્રમ્પ પ્રેસ કોન્ફરન્સ સંબોધી રહ્યા છે.ત્યારે સ્પેનીશ ભાષાની ચેનલ યુનીવીઝનના એક પત્રકાર હોરંગે ટ્રમ્પને પ્રશ્ન પુછવાની શરુઆત કરે છે.પરંતુ ટ્રમ્પ તેને ભાવ આપતાં નથી.અને બીજા લોકોને પ્રશ્ન પુછવાનું કહે છે. પરંતુ હોરંગે પણ જુદીજ માટીનો પત્રકાર છે. તે ટ્રમ્પનો પીછો છોડતો નથી. અને પુછે છે કે મારે તમને તમારી ઈમીગ્રેશન પોલીસી માટેનો સવાલ પુછવો છે. તમે ૧.૧૦ કરોડ લોકોને દેશની બહાર ના કાઢી શકો. ટ્રમ્પ આ તબક્કે અકળાઈ છે અને કહે છે કે બેસીજા તને અહીયાં બોલાવ્યો નથી બેસીજા... પરંતુ પત્રકાર તો પત્રકાર હોય છે તે ગભરાતો નથી.હોરંગે હજુ પણ મોટેથી બોલીને કહે છે કે તમે સરહદ પર ૩ હજાર કી.મી.ની લાંબી દિવાલ ના બનાવી શકો. ટ્રમ્પે હવે તેના સિક્યોરીટીને ઈશારો કરે છે અને સિક્યુરીટી પત્રકાર હોરંગને ધક્કામારીને પ્રેસ કોન્ફરન્સની બહાર કાઢી મુકે છે.

ટ્રમ્પનો આ ચુંટાયા પહેલાનો મિજાજ હતો હવે તો એ પ્રેસિડેન્ટ છે અને તેની પાસે અમર્યાદીત સત્તા છે.દુનિયાને ખતમ કરી નાંખવાના ન્યુક્લિયર પાવરના બટનો અત્યારે તેમની પાસે છે.અને ટ્રમ્પ હજુ પણ નરમ પડે તેમ નથી.ચુંટણી સમયે ટ્રમ્પે બે પોનસ્ટારોને ચુપ રહેવા માટે તેમના વકીલ કોહેને દ્વારા રુપીયા અપાયા હોવાનો ઘટસ્ફોટ થયા બાદ પણ પ્રેસિડેન્ટ ટ્રમ્પ ધમકીની જ ભાષા બોલે છે. અને કહે છે કે ઈમ્પીચમેન્ટ દ્વારા મારી પાસેથી જો સત્તા છીનવી લેવામાં આવશે તો અમેરિકાનું અર્થતંત્ર તુટી પડશે. પોનસ્ટારોને આપેલા પૈસા એ મારા અંગત પૈસા હતા. ચુંટણી ભંડોળના પૈસા ન હતા.સવાલ હવે પ્રેસની સ્વતંત્રતાનો છે. અમેરિકામાં પ્રેસિડેન્ટ ટ્રમ્પ ઈચ્છે તેજ અખબારોએ છાપવું કે પછી જે સાચું હોય તે છાપવું તે અંગે ચર્ચાઓ શરુ થઈ છે.ટ્રમ્પના વિરોધમાં જ્યારે અમેરિકાના નાના મોટા ૩૦૦ અખબારોએ પ્રેસની સ્વતંત્રતા માટે એક દિવસ એક સાથે એક જેવા તંત્રી લેખો લખ્યા ત્યારે દુનિયાને ખ્યાલ આવ્યો કે અમેરિકા જેવા લોકશાહીના સમર્થક દેશમાં અખબારોની હાલત સરકારે કેવી કરી નાંખી છે. અમેરિકાના અગ્રણી અખબાર ન્યુયોર્ક ટાઈમ્સે તો તેના તંત્રી લેખમાં લખ્યું કે એક અમેરિકાના રાષ્ટપતિ હતા થોમસ જેફરસન. તેઓ કહેતા જો મારી પાસે બે વિકલ્પ મુકવામાં આવે કે જેમાં સરકાર હોય પરંતુ અખબાર ના હોય અને બીજા વિકલ્પમાં અખબાર હોય પરંતુ સરકારના હોય તો હુંએક સેકન્ડમાં બીજો વિકલ્પ પસંદ કરું.આજે પરિસ્થિતિ બદલાઈ ગઇ છે.૨૦૧૮માં સરકારી અધિકારીઓ દ્વારા પ્રેસ પર હુમલા કરવામાં આવ્યા. સરકારને જે સત્ય પસંગ નથી તને તે લોકો ફેક ન્યુઝ કહે છે.જે લોકશાહી માટે ખતરનાક છે. પત્રકારોને જનતાના દુશ્મન કહેવા તે તેનાથી વધુ ખતરનાક છે.ન્યુયોર્ક ટાઈમ્સ જેવું અખબાર જ્યારે આવી વાત લખતું હોય ત્યારે ખબર પડે કે અમેરિકામાં પ્રેસની શું હાલત હશે ?પ્રેસિડેન્ટ ટ્રમ્પ વિરુધ્ધ દેશના ૩૦૦ અખબારોની આગેવાની લેનાર અમેરિકાના ૧૪૭ વર્ષ જુના અખબાર ધ બોસ્ટલ ગ્લોબ લખે છે ખે પ્રેસિડન્ટ ટ્રમ્પની રાજનીતિનું મુખ્યકેન્દ્ર છે આઝાદ પ્રેસ પર સતત હુમલો કરવો . પત્રકારોને અમેરિકાના નાગરિક નહીં પરંતુ લોકોના દુશ્મન તરીકે સરકાર ચીતરી રહી છે. આજે અમેરિકામાં અમારી પાસે એવા પ્રેસિડેન્ટ છ જેમને એવી વિચારધારા તૈયાર કરી છે કે મીડીયાનો જે ભાગ સરકારની નીતીઓને સપોર્ટ નથી કરતું તે જનતાનો દુશ્મન છે. પત્રકારઓએ હંમેશા બે ધારી તલવાર પર ચાલવાનું હોય છે.પત્રકાર જો સરકારના વખાણ કરે તો તેને સરકારના ચમચા તરીકે ચિતરવામાં આવતો હોય છે અને પત્રકાર જો સરકારની ટીકા કરે તો તેના પર સરકાર ખફા થઈ જાય છે અને ચારે તરફથી ભીંસમાં મુકવામાં આવતો હોય છે.પત્રકારનું કામ તો સમાજ અને સરકારને અરીસો બતાવવાનું છે અરીસામાં તમે જેવા હોવ તેવા દેખાવો છો. તેમાં ક્યારેય અરીસાનો વાંક કાઢી શકાય નહીં.પરંતુ શાસકોને જ્યારે પોતાની છબી લોકો સમક્ષ ખરાબ દેખાતી હોય થે ત્યારે વાંક અરીસાનો કાઢતા હોય છે.મીડીયાની ઘણી બધી ખામીઓ હશે પરંતુ એક હકીકત છે કે લોકશાહી માટે મીડીયા અનિવાર્ય છે. કારણ કે સમાજ નેતાઓ પર આંખો બંધ રાખીને ભરોસો ના કરી શકે.પત્રકારને જ્યારે સમાજના ચોથા સ્તંભ તરીકે ઓળખવામાં આવે છે ત્યારે આ ચોથા સ્તંભની કાળજી લેવી તે પણ સમાજની ફરજ થઈ પડે છે.અમેરિકામાં અત્યારે પત્રકારિત્વ પર જે સંકટ દેખાય છે તેવુ સંકટ દુનિયામાં ચારે તરફ ફેલાયેલું છે. તાનાશાહ સરકારો નિર્ભિક,નીડર આખાબોલા પત્રકારને સહન કરી શકતી નથી.શાસ્ત્રમાં કહેવાયું છે કે સત્યમ બ્રુયાત, પ્રિયમ બ્રુયાત એટલે સાચું બોલો પણ પ્રિય બોલો. પરંતુ પત્રકારત્વના ક્ષેત્રમાં આ વાત શકય નથી. સાચી વાત હંમેશા શાસકોને કડવી લાગતી હોય છે.સાચી વાત પર પત્રકારો ગમે તેટલા મીઠાસના આવરણ ચઢાવી લખે તો પણ શાસકોને પસંદ આવતી નથી. એટલે આ તબક્કે પત્રકાર માટેમાત્ર એક ઓપ્શન ખુલ્લો રહે છે કે શાસકોને પસંદ આવે તેવી વાત લખો.આ ઓપ્શનમાં પછી સત્ય ગુંગળાઈ જતું હોય છે ત્યારે પત્રકારોથી સહન નથી થતી ત્યારે તેની કલમમાંથી આગ ઝરે છે અને આ આગ ક્યારે વિદ્રોહ બનીને જનમાનસ પર છવાઈ જતી હોય છે.તેની ખબર નથી શાસકોને પડતી કે નથી પત્રકારોને પડતી.પરંતુ આ વિદ્રોહની સુનામીમાં સરકારો તણાઈ જતી હોવાનો ઈતિહાસ આલેખાયેલો છે. અમેરિકામાં આવનારા દિવસો પ્રેસિડેન્ટ ટ્રમ્પ પર જોખમ તોળાયેલું છે અને એટલે જ પ્રેસિડેન્ટ ટ્રમ્પ ધમકીના ભાષા બોલવા માંડ્યા છે કે મારી સરકારને પાડશો તે અમેરિકા બરબાદ થઈ જશે.જો કે હવે આવનારો સમય જ કહેશે કે કોણ આબાદ થશે ?અને કોમ બરબાદ થશે ?અમેરિકાની મહાનતા એ વાત પર નિર્ભર છે કે મુક્ત પ્રેસ સત્તાની સામે નિર્ભયતાથી સાચી વાત રજુ કરે . મીડીયા પર જનતાનું દુશ્મન હોવાનું લેબલ ચોટાડવાની અમેરીકાની પરંપરા નથી.૨૦૦ વર્ષથી જે નાગરિકતાની સમજ આપણે વિકસિત કરી છે તેમાં આવું ફરમાન ખતરારુપ છે.

- ધ બોસ્ટન ગ્લોબ

(સાભાર સંદેશ)

સેન્ટર ફોર મોનેટરીંગ ઇન્ડીયન ઇકોનોમીના સર્વેમાં લોકડાઉનમાં ભારતમાં બેરોજગારીનો દર ઉછળીને ૨૭.૧ ટકા ઉપર પહોચ્યો

કોરોનાને કારણે દેશમાં અમલમાં મુકાયેલા લોકડાઉનને કારણે દેશમાં બેરોજગારોનો દર સતત વધી રહ્યો છે.સેન્ટર ફોર મોનિટરીંગ ઈન્ડીયન ઇકોનોમીએ દેશમાં બેરોજગારી અંગે સર્વે રિપોર્ટ બહાર પાડ્યો છે. આ સર્વે રિપોર્ટ મુજબ ૩ મે૨૦૨૦ના દિવસે પુરા થયેલા અઠવાડીયામાં દેશનો બેરોજગારીનો દર ૨૭.૧ ટકા પર પહોચી ગયો છે. આ પહેલા બહાર પડેલા સર્વે રીપોર્ટ મુજબ એપ્રિલ ૨૦૨૦માં દેશમાં બેરોજગારી વધીને ૨૩.૫ ટકા ઉપર પહોચી હતી.ફક્ત એપ્રિલ મહિનામાં બેરોજગારીના દરમાં ૧૪.૮ ટકાનો વધારો થયો હતો.માર્ચ મહિનાની સરખામણીએ એપ્રિલમાં બેરોજગારી દરમાં ઝડપથી વધારો થયો છે. સીએમઆઈઈના અભ્યાસમાં અનુમાન કરાયું છે કે એપ્રિલમાં રોજમદાર શ્રમિકો અને નાના વ્યવસાયીઓ સૌથી વધુ બેરોજગાર થયા છે.

સર્વે અનુસાર ૧૨ કરોડથી વધુ લોકોએ નોકરી ગુમાવવી પડી છે. રોજગારી ગુમાનવારાઓમાં ફેરિયા,રસ્તા પર બેસીને ચીજો વેચતા,નિર્માણ ઉદ્યોગમાં કામ કરનારા કર્મચારીઓ અને કેટલાક એવા લોકો છે જેઓ રિક્ષા ચલાવીને પોતાનું ગુજરાન ચલાવ છે.દેશમાં અસંગઠિત નોકરી પર નજર રાખવા માટે કેટલાક સરકારી મેટ્રીકસ અપનાવે છે. સીએમઆઈઈ સર્વે લેબર માર્કેટ પર નજર રાખવા મેટ એક પ્રોસ્સી તરીકે ઉપયોગ કરે છે.

બ્રિટીશ રિસર્ચ ફર્મ ક્રોસ્બી ટ્કસટર ગ્રુપના તાજેતરમાં કરવામાં આવેલા સર્વેમાં બહાર આવ્યુ છે કે ૮૬ ટકા ભારતીયોને પોતાની નોકરી છુટી જવાનો ડર છે.બ્રિટનમાં ૩૧ ટકા, ઓસ્ટ્રેલીયમાં ૩૩ ટકા,અમેરિકામાં ૪૧ ટકા અને હોગકોગમાં ૭૧ ટકા લોકોને પોતાની નોકરી જવાનો ભય રહેલો છે. ૮૪ ટકા લોકો માને છે કે હજી મહામારી વધશે અને મુશ્કેલીઓમાં વધારો થશે

કંપનીઓએ હાયરિંગ શિડ્યુલ બદલ્યું : નવી ૬૬ ટકા નોકરી ઉપર બ્રેક, પગારમાં ૩૦ ટકાનો કાપ

કેપીએમજીના સર્વેક્ષણ મુજબ ૬૬ ટકા કંપનીઓએ હાલમાં નવી ભરતી અટકાવી દીધી છે. જો કે આઈટી, ફાર્મા અને ઉપભોક્તા વસ્તુ બનાવનારી ઘણી ખરી કંપનીઓમાં નવી ભરતી કરશે. ૩૦ ટકા કંપનીઓએ તેમનું બજેટ ઘટાડી દીધું છે. જ્યારે ૫૦ ટકા સંસ્થાઓએ પગાર બજેટ વિતેલા વર્ષ જેટલું કરવાનો નિર્ણય કર્યો છે.એડવાઈઝરી, ઓટોમોબાઈલ્સ, શિક્ષણ, એનર્જી, તેલ તથા ગેસ સેકટરની ૪૦ ટકાથી વધુ સંસ્થાઓએ પગારમાં વધારો અટકાવવાનો નિર્ણય કર્યો છે. સર્વેમાં સામેલ ૨૨ ટકા કંપનીઓએ કહ્યુ હતું કે કોરોના મહામારી ચાલુ રહેશે તો તેમણે ઈન્સેન્ટિવ રોકવું પડશે.કેપીએમજીના રિપોર્ટ પ્રમાણે લગભગ ૩૦ ટકા સંગઠનોના કર્મચારીઓને આપવામાં આવતા સ્વાસ્થ વીમાના લાભને બદલવામાં આવ્યા નથી. બીજી તરફ ઘણી કંપનીઓ વર્ક ફ્રોમ હોમનો વિકલ્પ આપી રહી છે. ૩૦ ટકા કંપનીઓ નાણાંકીય લાભની સમીક્ષા કરી રહી છે.

કોરોનાની મહામારીના કારણે સૌથી મોટો પ્રશ્ન બેરોજગારી ઉભી થવાની સાથે કેટલાક ઉદ્યોગો નાદારી નોધાવી શકે તેમ છે.પરિણામે કર્મચારીઓ અને કામદારોની છટણી થવાનો સંભવ વધી જાય છે. જો કે સરકારે બંધના સમયમાં પગાર આપવો જોઈએ તેવી નીતિ અપનાવી હતી પરંતુ દેશના મોટાભાગના ઉદ્યોગો આની તરફેણ કરતાં નથી. પરિણામે છટણી,બેરોજગારીની સમસ્યા વધુ વકરશે તેમાં શંકાનો કોઈ સ્થાન નથી. જ્યારે ઉદ્યોગકારો સરકાર પાસે વધુ નાણાંની મદદ માંગી રહ્યા છે જે શક્ય નથી.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

વર્લ્ડ ચેમ્પીયન ચેસ પ્લેયર ગેરી કાસ્પારોવ સૌથી નાની ઉંમરે વર્લ્ડ ચેમ્પીયન બનવાની સિધ્ધિને વરેલા છે.

ભારતે મંદીથી ઉગરવા માટે અમેરિકા જેવું પેકેજ જાહેર કરવુ પડશે : અભિજીત બેનરજી

કોરોનાને કારણે ઉદ્ભવનારી મહામંદીથી ઉગરવા માટે ભારતે અમેરિકા જવું મોટું રાહત પેકેજ જાહેર કરવું પડશે તેમ અર્થશાસ્ત્રના નોબેલ પારિતોષિક વિજેતા અભિષેક બેનરજીએ જણાવ્યુ હતું. બજારમાં માંગ વધે તે માટે સરાકરે લોકોના હાથમાં વધુ પૈસા આવે તેવા પગલાં લેવા પડશે. અમેરિકાએ તેની જીડીપીના ૧૦ ટકા રાહત પેકેજ જાહેર કર્યું છે. જ્યારે આપણે હજી જીડીપીના ૧ ટકાજ રાહત પેકેજ જાહેર કર્યુ છે. કોગ્રેસના પુર્વ પ્રમુખ અને હાલમાં પત્રકારની ભુમિકા નિભાવીને દેશના બુધ્ધિજીવીઓના ઈન્ટરવ્યુ લઈ રહેલા રાહુલ ગાંધી સાથેની મુલાકાતમાં તેમણે પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યુ હતું. દેશમાં હજારો લોકો જ્યારે કોરોનાને કારણે માંદગીમાં પટકાયા છે ત્યારે સરકારે લોકડાઉન ખોલતા પહેલાં પણ અનેક તકેદારી રાખવી પડશે. પરપ્રાંતીય મજુરો તેમના વતન જાય તે પહેલાં ટ્રેનમાં કે બસમાં તેમના હેલ્થની ચકાસણી કરવી જોઈએ. અને કોરોના મુક્ત જણાય તો જ પ્રવાસની મંજુરી આપવી જોઈએ. આ સમસ્યા એકલી રાજ્ય સરકારો ઉકેલી શકશે નહીં તેમાં કેન્દ્રએ પણ સહયોગ આપવો પડશે.દેશભરામાં આપવામાં આવેલા આધારકાર્ડ હાલના સંજોગોમાં ગરીબો માટે ઘણા ઉપયોગી પુરવાર થશે. આને કારણે તેઓ રેશનિંગનું અનાજ મેળવી શકશે. પર પ્રાંતીય મજુરો માટે આધારકાર્ડ મહત્વના છે. તેમને નરેગા દ્વારા પણ રોજગારી આપી શકાય.

બેનરજીએ દેશની ઈકોનોમી અને લોકોના આરોગ્ય અંગેની શ્રેણીબધ્ધ વાતચીતમાં કહ્યુ હતું કે આપણી સરકારે કંપનીઓને દેવાની ચુકવણીમાં મોરેટોરિયમ આપીને આવકાર્ય નિર્ણય લીધો છે. આપણે આ દિશામાં વધુ કરવાની જરુર છે.સરકારે આ ક્વાટર માટે કે ત્રણ મહિના માટે દેવાની ચુકવણી કે લોનની ચુકવણી રદ કરવી જોઈએ અને લોન લેનારીઓનું ૩ મહિના સરકારે ધ્યાન રાખવું જોઈએ.

કોરોનાથી સૌથી મોટો ડર કંપનીઓની મોટાપાયે નાદારીનો છે. કંપનીઓ અને મોટી લોન લેનારાઓનો કરોડોની લોન માંડવાળ કરવાનો સમય આવશે.ચીજવસ્તુઓની માંગમાં મોટાપાયે ઘટાડો થશે. આવા સંજોગોમાં ઈકોનોમીમાં રિકવરી માટે લોકોના હાથમાં પૈસા આવે તે જરુરી છે.બેનરજીએ સુચવ્યું કે જે લોકોને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે જીવન જીવવા માટે અનાજની જરુર હોય તેવા તમામ લોકોને સરકારે ૩ કે ૬ મહિના શુદ્ધ હંગામી રેશનકાર્ડ આપવું જોઈએ.આ રેશનકાર્ડનો ઉપયોગ તેમને ઘઉં અને ચોખા આપવા માટે ઉપરાંત તેમના ખાતામાં રોકડ નાણાંની ટ્રાન્સફર માટે કરવો જોઈએ.

કાર ભાડે મળશે

લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે

મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭ લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે

કોરોનાથી ૨૦૨૦માં ભારતનો જીડીપી ગ્રોથ શુન્ય રહેશે : મોર્ગન સ્ટેન્લી

કોરોના મહામારીને વકરતી રોકવા ભારતમાં ૪૬ દિવસથી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. અને વેપાર ઉદ્યોગ ઠપ્પ છે.ત્યારે મોર્ગન સ્ટેન્લીએ ૨૦૨૦માં ભારતનો જીડીપી ગ્રોથ શુન્ય રહેવાની ધારણા વ્યક્ત કરી છે. જો કે ૨૦૨૧માં ભારતના અર્થતંત્રમાં જબરી રિકવરી જોવા મળશે અને ગ્રોથ રેટ વધીને ૭.૭ ટકા રહેશે. આને પરિણામે એશિયાના અન્ય દેશોની સરખામણીમાં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી ઈકોનોમીનું સ્થાન ધરાવી શકે છે.ગ્લોબલ ઈકોનોમી ગ્રોથ ૨૦૨૦માં ૩ ટકા ઘટી શકે છે પણ ૨૦૨૧માં તે રિકવર થઈને ૫.૯ટકા થશે તેવું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે.

જાપાન સિવાય એશિયામાં ભારતની ઈકોનોમી ગ્રોથ ઝડપથી થશે. ૨૦૨૧માં જીડીપી ગ્રોથના સંદર્ભમાં ભારત ફીલીપાઈન્સના ૧૨.૬ ટકા મલેશીયાના ૯.૬ ટકા અને ચીનના ૯.૨ ટકા ગ્રોથ રેટ કરતાં ઝડપથી વિકસતું ચોથુ અર્થતંત્રબનશે.

વિશ્વ ઈકોનોમીને કોરોનાએ ઉધઈની જેમ કોરી ખાધી છે.ભારતનો જીડીપી દર નીચલા સ્તરે હતો પરંતુ તેને ઉંચો બતાવવામાં આવી રહ્યો હતો પરંતુ દેશની ઈકોનોમી એકદમ નીચલા સ્તરે પહોચી અને સમગ્ર ઉત્પાદન બંધ થવાથી ગ્રોથ પટકાયો.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

તુટેલા સંબંધ પાછળ રડવાની મનાઇ છે !

સંબંધની જટિલતાનો તાગ કોઇ પામી શક્યું નથી.સંબંધ બંધાય કે તુટે ત્યારે સંજોગો સબંધિત માણસના હાથમાં નથી હોતા.સત્તર વર્ષની તરુણી અડતાલીસ વર્ષની ઉંમરના એક પરિણીત ટ્યુશન સરના પ્રેમમા(?) પડી.સંબંધ ત્રણ વર્ષ ચાલ્યો.સરે ત્યાર પછી આ છોકરી સાથેના સંબંધ તોડી નાંખ્યો. જીંદગીમાં નવું પાત્ર પ્રવેશે એટલે જુનાને રુખસદ આપવી પડે ! તરુણીએ પ્રોઢ શિક્ષકની પાછળ રડવામાં છ મહિના બગાડ્યા અને પછી આત્મહત્યાનો નિર્ણય લીધો.એટલું સારુ થયું કે એણે ટ્યુશન સર સાથેની લફરાંબાજીથી માંડીને આત્મહત્યાના નિર્ણય સુધીની તમામ વાતો પપ્પા-મમ્મીને ભુલોના એકરાર સાથે કરી દીધી.પપ્પા સમજાવી પટાવીને વહાલી દીકરીને કાઉન્સેલીગમાટે અમારી પાસે લઇ આવ્યા. અમે એ છોકરીને બે વાતો સફળતાપુર્વક સમજાવી : એકતો એ પિતાજીની ઉંમરનો પરિણીત શિક્ષક પોતાની પત્નીને વફાદાર ન રહ્યો તો તેને પકડીને આખી જીંદગી બેસી રહેશે એવું તે કઇ રીતે માની લીધું ? ટ્યુશન સરના બે સંતાનો કોલેજમાં ભણે છે જે તારી જ ઉંમરના છે છતાં પિતાની ઉંમરના એ શિક્ષકે તેને ફસાવી આવું વિકૃત માનસ ધરાવતા શેતાનની પાછળ કિંમતી જીવન વેડફી નાંખવાનું યોગ્ય છે ?એ પ્રશ્ન પણ ભારપુર્વક વારંવાર દોહરાવ્યો. ગુમરાહ થયેલી કન્યાને બીજી સલાહ એ આપી કે આત્મહત્યા માટે એક વર્ષ થોભી જવું અને રોમિયો સરને મેસેજ મોકલાવો કે આપની બેવફાઇને કારણે હું આત્મહત્યા કરવા જઇ રહી છું. છેવટે, અમારી અપેક્ષા હતી એજ પ્રમાણે બન્યું.ટ્યુશન સરે નફ્ફટાઇથી જણાવી દીધું : અમારે તો વર્ષ બદલાય અને નવો બેચ આવે એટલી જુની છોકરીઓને કાઢવી જ પડે, તું નસીબદાર છે કે તને ત્રણ વર્ષ સુધી નિભાવી ! આ જવાબ મળ્યા પછી છોકરીને ડહાપણની દાઢ ફુટી અને આત્મહત્યાનો નિર્ણય લગભગ પડતો મુકાયો. જખ્મ ગમે તેટલો ઊંડો કેમ ન હોય, સમય તેનો શ્રેષ્ઠ ઉપચાર છે.

આત્મહત્યા માટે એક વર્ષ થોભી જવાની અમારી સલાહ કારગત નિવડી.એક વર્ષમાં તો એ છોકરી લંપટ સરને બિલકુલ ભુલી ચુકી હતી.ઉપરોક્ત કિસ્સાના સુચિતાર્થે ચર્ચવાનું પ્રસ્તુત ગણાશે.જીંદગીના સંબેધો રચવાની અને તુટવાની ઘટમાળ ચાલ્યા જ કરવાની.અમેરિકામાં યુવાન-યુવતીઓને બ્રોકન હાર્ટ ને કેમ સાચવવું તેની તાલીમ આપવામાં આવે છે.હું તો એમ કહું છું કે સંબંધ ભલે તુટે પરંતુ હૃદય શા માટે તુટે? જો માણસ સંબંધ બાંધતી વખતે કાળજી ન રાખે તો સંબંધ તુટવાની દુર્ઘટના બને જ બને.જ્યારે કોઇ સંબંધ સ્વાર્થની બુનિયાદ પર રચાયેલો હોય ત્યારે તુટવા માટે સ્વાર્થ સધાય તેની રાહ જોતો હોય છે.સંબંધોનું શાસ્ત્ર એક વાત સમજાવે છે કે જીંદગીમાં આત્મીય સંબંધો ખુબ ઓછા માણસો સાથે હોઇ શકે.આવા સંબંધને સાચી રીતે, સાચા અર્થમાં ઓળખી કાઢવા ઘટે.આત્મીય સંબંધ તુટે તો તેની પાછળ આત્મહત્યા કરવાનું સાર્થક ગણાય.પરંતુ આત્મીય સંબંધ એ છે કે જે કદી તુટતો નથી.કોઇને કોઇ બહાને તુટી જતો સંબંધ કદી આત્મીય હતો જ નહી એટલું સમજાઇ જાય તો એવા ફટકીયા મોતી જેવો સંબંધ પાછળ રડવાનો કે મરવાનો પ્રશ્ન ઉદ્‌ભવે નહી.કોઇની પણ સાથેનો સંબંધ આપણે કારણે ન તુટે તેની કાળજી રાખીએ. સંબંધની માવજત લેવામાં હૃદયની વિશાળતા મદદરુપ થાય તો, ભુલી જાઓ અને માફ કરો ની નીતિ અપનાવવી જોઇએ.આપણી ભુલ માટે ક્ષમા પામવાની યોગ્યતા તો મેળવીએ છીએ.જીંદગીમાં આપણી ભુલને માફ કરનારાઓની લાંબી યાદી બની શકે તે ભુલવું ન જોઇએ.આત્માય સંબંધમાં ગેરસમજ ઊભી થાય કે તિરાડ પડે ત્યારે આપણા પક્ષે એ ગેરસમજ દુર થાય તે માટે શ્રેષ્ઠ પ્રયત્નો થવા જોઇએ.સંબંધ સાચવવા માટે પુરતા પ્રયત્નો પછી કોઇ સંબંધ તોડે તો તેમાં આપણી કોઇ જવાબદારી ઉભી થતી નથી.એવા સંબંધને ભલુ થયું ભાંગી જંજાળ.... એવા ઉદ્‌ગાર સાથે ભુલી જવામાં શાણપણ છે.કોઇની સાથે આપણો સંબંધ તુટે ત્યારે કેટલાંક પારકી પંચાતમાં રાચનારાઓને તાળી પાડવાની અને ખુશી મનાવવાની તક મળી જાય છે.પરંતુ આવી બધી ચર્ચાઓની પણ શાંત ચિત્તે ઉપેક્ષા કરવી.આધુનિક યુગના માણસો સંબંધોના ગાઢ જંગલમાં વસે છે તેથી એકાદ સંબંધ વધેઘટે તેની ચંતા શાને કરવી ? કમનસીબે, સંબંધ તુટે ત્યાર પછી કઇ રીતે વર્તવું તેની શિસ્ત ખુબ ઓછા માણસો પાસે જોવા મળે છે.સંબંધ શાસ્ત્રના તજજ્ઞો ભારપુર્વક એવી સલાહ આપે છે કે જેમની સાથે સંબંધ તુટી ગયો હોય એમનું નામ કદી હોઠ પર લાવવાની ભુલ ન કરવી.

સંબંધ તુટ્યા પછી બંન્ને પક્ષો એકબીજાને ગાળો ભાંડવાની સ્પર્ધામાં ઉતરે ત્યારે કેવા ભુંડા લાગે છે. કેટલાક અસામાજિક તત્વોને અહીની વાતો ત્યાં અને ત્યાંની વાતો અહીં ઠાલવવામાં પિશાચી આનંદ મળતો હોય છે.તેઓ તેમને સામે ચાલીને પુછશે,ફલાણાભાઇ સાથે તમારે કંઇ વાકું પડ્યું છે, કેમ સંબંધ તુટી ગયો ?તમે કેટલા ભલા માણસો છો, એ છે જ બદમાશ... આપણે સમજી જવાનું કે ખલનાયક અગ્નિમાં ધી હોમવાની કોશીસ કરી રહ્યો છે.મૌન ધારણ કરીને એમને પરાજિત થવા દો.એક સમયે જેમની સાથે ખુબ સારો સંબંધ હતો એમનું અને સંબંધનું ગૌરવ જળવાય એમાં જ આપણી શોભા છે.વળી જે ગામ જવું નથી એ ગામનું નામ શા માટે લેવાનું ? ઉપરોક્ત કિસ્સાનો સૌથી મહત્વનો સુચિતાર્થ એ છે કે આપણાં સંતાનોને કોની સાથે કેવો અને કેટલી સંબંધ બંધાય તેની ઘનિષ્ઠ તાલીમ મળવી જોઇએ. જીંદગીમાં કોઇ સંબંથ એટલો મહત્વનો ન હોઇ શકે જેની પાછળ આત્મહત્યા કરવાની જરુરીયાત ઉદ્‌ભવે. આટલી વિશાળ દુનિયામાં એકાદ માણસ સાથેનો સંબંધ તુટે તો શો ફેર પડવાનો છે ?કોઇ એક તુટી ગયેલા સંબંધ પાછળ રડવાનીયે મનાઇ છે. આત્મહત્યા કરવાનો તો પ્રશ્ન જ ક્યાં ઉદ્‌ભવે છે?

વિશ્વામિત્ર
(સૌ.સંદેશ)

નેપાળમાં ફેલાયેલા કોરોના વાયરસનો દોષ ભારત પર ઢોળવામાં આવી રહ્યો છેઃ ભારતમાંથી ગેરકાયદેસર પ્રવેશતા લોકોએ કોરોના વાઇરસનો વ્યાપ ફેલાવ્યો હોવાનો આરોપ મુકાયો

નેપાળે કાલાપાની, લિપિયાપુરા અને લિપુલેખ વિસ્તાર પર પોતાનો દાવો રજુ કરી નવો નકશો જારી કર્યા બાદ ભારત અને નેપાળના સંબધોમાં તિરાડ પડી છે. રાજકીય રીતે વણસેલા સબંધોમાં ભારત પર નેપાળે પોતાનો વિસ્તાર પચાવી પાડવાનો આરોપ મુક્યા બાદ નેપાળના વડાપ્રધાન કે.પી.ઓલીએ હવે નેપાળમાં કોરોના વાઇરસના પ્રસાર માટે ભારત અને તેના નાગરિકોને જવાબદાર ગણાવ્યા છે. ઓલીએ આરોપ મુક્યો છે કે ઇટાલી, અને ચીનતી નેપાળમાં આવેલા વાઇરસ કરતાં ભારતમાંથી નેપાળમાં આવોલો કોરોના વાઇરસ વધુ ચેપી છે. નેપાળની સંસદ ઓલીએ જણાવ્યુ હતું કે નેપાળમાં ગેરકાયદેસર ચેનલો દ્વારા પ્રવેશી રહેલા લોકો અમારા દેશમાં કોરોના વાઇરસ ફેલાવી રહ્યા છે. યોગ્ય ટેસ્ટીંગ વિનાજ ભારતમાંથી લોકોને પાછા લાવી રહેલા કેટલાક સ્થાનિક પ્રતિનિધિઓ અને પાર્ટીના નેતાઓ પણ તેના માટે જવાબદાર છે. નેપાળમાં બહારથી આવી રહેલા લોકોના કારણે કોવિડ-૧૯ની મહામારીને અટકાવવી મુશ્કેલ બની રહી છે.ચીની અને ઇટાલીયન વાઇરસ કરતાં ભારતીય વાઇરસ ઘણો ઘાતકી છે. નેપાળમાં તેનાથી ઘણા લોકો કોરોના સંક્રમિત બની રહ્યા છે. સંસદને કરેલા સંબોધનમાં ઓલીએ જણાવ્યુ હતું કે નેપાળ કોઇપણ ભોગે ભારતના કબજામાં રહેલા કાલાપાની,લિપિયાપુરા અને લિપુલેખ વિસ્તારોને પાછા મેળવશે. ભારતનું નામ લીધા વગર ઓલીએ જણાવ્યુ હતું કે અમે આ વિસ્તારોને પાછા મેળવવા માટે સતત કુટનિતીક પ્રયાસો જારી રાખીશું. તેનાથી કોઇ નારાજ થાય છે તો અમને કોઇ ફેર પડતો નથી.

નેપાળે જારી કરેલા પોતાના નવા નકશામાં ભારતના ૩૯૫ ચોરસ કી.મી વિસ્તારને સામેલ કરી દીધો છે. નકશામાં વર્ષોથી ભારતના રહેલા લિપીયા પુરા,લિપુલેખ અને કાલાપાની ઉપરાંત ગુંજી,નાભી અને કુટી વિસ્તારોને પણ સામેલ કરાયા છે. નેપાળે તેના નવા નકશામાં કાલાપાનીના ૬૦ ચોરસ કીલોમીટર વિસ્તારને પોતાનો ગણાવ્યો છે.

જો કે આ બધાની શરુઆત સીમા વિસ્તારોમાંથી થઇ હતી. ભારતમાંથી નિકાશ થતી ચીજવસ્તુઓને નેપાળની સીમાઓ પર રોકી દેવામાં આવી. જીવનજરુરીયાતની ચીજ વસ્તુઓ, પેટ્રોલીયમ પ્રોડકસ જેવી આવશ્યક ચીજવસ્તુઓની રોક લાગવાથી ત્યાં સામાન્ય પ્રજા તકલીફમાં આવી જતાં તેના રાજકીય પ્રભાવો પડ્યા. ભારત તરફથી નેપાળની ચુંટણીઓમાં હિદુત્વવાદીઓને બહુમતી મળે તેવા પ્રયત્નોને કારણે કોમી વૈમનશ્ય વધારવાનો પ્રયત્ન થયો.રાજકીય સંકટમાં ભારતે નેપાળના રાજકારણ પર પોતાનો પ્રભાવ અને દાબ ઉભો કરવાનો પ્રયાસ કર્યો પરંતુ ત્યાંની નેતાગીરી સક્ષ્ન બની અને આપણા પ્રયત્નો ફાવ્યા નહીં. ભારતના સત્તાધારી લોકો દુનિયાના નકશામાંથી એક માત્ર હિદુ રાજ્યનુ અસ્તિત્વ ખતમ થઇ જાય તેમ ઇચ્છતું નહોતું. તેથી હિદુ રાજાશાહીને મજબુત બનાવવાના પ્રયત્નો ફાવ્યા નહીં. અને નેપાળનું બંધારણ બિનસાંપ્રદાયિક દેશ તરીકે સ્થાપિત બન્યુ.પરિણામે ચીનની નેતાગીરીને મોકળાશ મળી અને તેમણે નેપાળની તમામ જરુરીયાતો રસ્તાઓના બાંધકામ કરીને સરળતાથી મોકલી આપી. પરિણામે ભારત સાથેના તમામ સબંધોમાં કડવાશ ઉભી થઇ.હવે સરહદો માટે પાકિસ્તાન,નેપાળ,ચીન સાથે કડવાશ

કાર ભાડે મળશે

લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે

મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક, સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.